જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૭/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૫૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૧૨૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૭૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૨૧ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૩૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૫૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૬૦/૨૦૨૬**

રામોલઃ વસ્ત્રાલ ચાર રસ્તા પાસે આવેલ ક્રોમા ઇલેકટ્રોનીકસ સ્ટોરમાં મેનેજર તરીકે કામ કરતા નરેન્દ્ર સ/ઓ ભાસ્કરરાવ તબાડે (રહે, સિલ્કવેલી ડિવાઇન ગુરુકુલમ સ્કુલની પાસે હાથીજણ) એ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ/૨૦૨૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ક્રોમા ઇલેકટ્રોનીક્સ સ્ટોરમાં સેલ્સમેન તરીકે કામ કરતા આરોપી પ્રગ્નેશકુમાર વિનોદભાઇ પટેલ (રહે, અટલ એપાર્ટમેન્ટ અભિલાષા રેસીડેન્સી નિકોલ) એ ક્રોમાના ગ્રાહક પાસેથી રૂપિયા મેળવી લઇ તેમના ઓર્ડર મુજબના ૧૦ એ.સી., ૦૭ કુલર અને ૦૩ વેક્યુમ ક્લીનરની ડીલીવરી નહી કરી, સેલ્સના કુલ રૂપિયા ૨,૭૦,૦૦૦/– કંપનીમાં જમા નહી કરાવી, રીફંડની ખોટી એન્ટ્રીઓ બતાવી ઓર્ડર બીલના રૂપિયા મેળવી લઇ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ચૌધરી ચલાવે છે.

નવરંગપુરાઃ પરિમલ ગોવિંદલાલ દવે (ઉ.વ.૫૫)(રહે. પાર્ક રેસીડેન્સી, SBI બેંકની બાજુમાં, પંચવટી, કલોલ, ગાંધીનગર) એ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા શ્રેયસ કોલોની, જુની હાઈકોર્ટ સીટી રોડ, પોપ્યુલર હાઉસ, યુનિયન બેન્ક સામે આવેલ “યુનિક માર્કેન્ટાઈલ ઈન્ડિયા લીમીટેડ” નામની કંપનીના ડાયરેક્ટરો આરોપી (૧) ઉત્કર્ષ રાય (૨) રાહુલ રાય (૩) રાજકુમાર રાય તેમજ મેનેજરો (૪) મુકેશભાઈ પટેલ અને (૫) ઘનશ્યામભાઈ પટેલ નાઓએ ભેગામળી કંપનીમાં રોકાણ કરવા તેમજ કરેલ રોકાણ સામે સારૂ કમિશન તથા એફ.ડી.ની સ્કીમમાં પાકતી મુદતે મુડીની બમણી રકમ આપશે તેવી વાતો કરી, યુનિક માર્કેન્ટાઈલ ઈન્ડિયા લીમીટેડ કંપનીમા એજન્ટો તથા ગ્રાહકોના એફ.ડી તેમજ મંથલી ઈન્કમ સ્કીમના ખાતા ખોલાવી, પરિમલ દવે પાસેથી તથા તેમના ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૧૫,૯૬,૦૦૦/– નુ રોકાણ કરાવડાવી પાકતી મુદતે મળવા પાત્ર કુલ રૂપિયા ૨૧,૮૦,૯૯૦/– પરત નહી ચુકવી, કંપની બંધ કરી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એ.દેસાઈ ચલાવે છે.

વાડજઃ હિરેનભાઇ કનૈયાલાલ દુધિયા (ઉ.વ.૫૨)(રહે. રાજેશ એપાર્ટમેન્ટ, હરીહરેશ્વર મહાદેવ મંદિરની બાજુમા, નવી રિઝર્વ બેંકની ગલી આશ્રમ રોડ) એ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે હિરેનભાઇ દુધિયાના મોબાઈલ ફોનમા અચાનક ઓટીપી આવવા લાગેલ અને તેમના મોબાઈલ ફોનમાં તેમના ક્રેડીટ કાર્ડમાંથી ત્રણ ટ્રાન્જેકશન દ્વારા કુલ રૂપિયા ૨,૮૨,૯૭૦/– ઓનલાઈન ડેબીટ થઈ ગયેલ તેમજ બીજા એસ.બી.આઈ ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૩૩,૦૦૦/– ઓનલાઈન ડેબીટ થઈ ગયેલ. જે બંને કાર્ડ ના મળી કુલ રૂપિયા ૩,૧૫,૯૭૦/– અજાણી વ્યક્તિએ હિરેનભાઇ દુધિયાનો મોબાઇલ ફોન હેક કરી, ક્રેડીટ કાર્ડ માંથી ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.પી.ગરાસીયા ચલાવે છે.

એલીસબ્રીજઃ હેમંતભાઇ સુરેશચંદ્ર પંચાલ (ઉ.વ.૬૪)(રહે. શેઠ સેરેનીટા ઇન્ડસબેંક ની ગલી, પરીમલ ગાર્ડન પાસે, એલીસબ્રીજ) એ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૪૮૬૮૧૮૫૨૭ ના ધારકે હેમંતભાઇના મોબાઇલ નંબર ઉપર બેંક તરફ થી આવતા રૂપિયા ક્રેડીટ થયા અંગેના મેસેજ જેવા ડુપ્લીકેટ મેસેજ હેમંતભાઇ પંચાલના મોબાઇલના ગુગલ–પે માં રૂપિયા ૪૫,૫૦૦/– તથા રૂપિયા ૫૩,૫૦૦/– ક્રેડીટ થયેલ હોવાનો મેસેજ બનાવી તે મેસેજ બેંક તરફથી આવેલ હોવાનુ હેમંતભાઇને જણાવી તેમના મોબાઇલ નંબર ઉપર બે અલગ–અલગ મેસેજ મોકલી "આ રૂપિયા તેના મિત્ર દ્વારા ભુલથી હેમંતભાઇના ગુગલ–પે એકાઉન્ટમાં જમા થઇ ગયેલ છે" તેમ જણાવી તેમજ તેનો પુત્ર હોસ્પીટલમાં દાખલ હોવાની હકિકત વોટસઅપ નંબર ૮૮૭૬૮૭૩૧૦૩ થી હેમંતભાઇ પંચાલને જણાવી તેમના મોબાઇલ નંબર સાથે કનેક્ટેડ ગુગલ–પે ના આઇ.સી.આઇ.સી.આઇ બેંકના ખાતામાંથી રૂપિયા ૪૫,૫૦૦/– અને ૫૩,૫૦૦/– મળી કુલ રૂપિયા ૯૯,૦૦૦/– આરોપીના મોબાઇલ નંબર ૯૭૭૦૦૯૧૪૮૯ ના ગુગલ–પે માં મેળવી લઇ હેમંતભાઇ પંચાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પટેલ ચલાવે છે.

શાહીબાગઃ રાજેશભાઇ ઘનરાજભાઇ નહાર (ઉ.વ.૫૬)(રહે.ફર્સ્ટ ફ્લોર, બ્રિજાન્સ ઇન્ફીનીટી, રાધેકૃષ્ણ મંદિર પાછળ, ઘેવર સર્કલ પાસે, શાહીબાગ) એ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૭/૨૦૨૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ અજાણ્યા મોબાઇલ નંબર ૯૨૮૮૩૯૧૮૬૧ અને મોબાઇલ નંબર ૬૨૯૪૪૬૩૧૧૪ ના ધારકે રાજેશભાઇ નહારના મોબાઇલના વોટસઅપમાં PNB Luxury metal credit card.APK FILE નામની ફાઇલ મોકલી તેમજ પોતાની ઓળખ એકસીસ બેંકના ક્રેડીટ કાર્ડ ડિપાર્ટમેન્ટના કર્મચારી તરીકે આપી, આઇકાર્ડનો ફોટો વોટસઅપમાં મોકલી રાજેશભાઇને વિશ્વાસમાં લઇ તેમના બંન્ને ક્રેડીટ કાર્ડમાં રજીસ્ટર થયેલ તેમના મોબાઇલ નંબર વાળો ફોન હેક કરી, રાજેશભાઇ નહારના AXIS BANK વાળા ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૮૮,૬૨૨/– તથા HDFC BANK ના ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૭૯,૫૩૬/– મળી કુલ રૂપિયા ૧,૬૮,૧૫૮/– ઓનલાઇન ટ્રાન્જેકશન કરી મેળવી લઇ, રાજેશભાઇ નહાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એચ.સિંઘવ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૬૧/૨૦૨૬**

મેઘાણીનગરઃ રાધાબહેન દશરથભાઈ પટણી (ઉ.વ.૨૫)(રહે.ઔડાના મકાન, સફલ–૫ ની બાજુમા, ચમનપુરા, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જલદ પ્રવાહી પી લેતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૭/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી